# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 22-Nov-2024 સવારે : 7.45 થી 7.55

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગયાનાની સંસદને સંબોધતા જણાવ્યું છે કે, લોકશાહી એ સર્વસમાવેશક સમાજ બનાવવાનું સૌથી મોટું માધ્યમ છે
2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે સવારે હૈદરાબાદમાં આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક ઉત્સવ લોક મંથનની ચોથી આવૃત્તિનું ઉદઘાટન કરશે
3) સરકારે EPFOને આધાર નંબર સાથે જોડાયેલા ઓટીપી દ્વારા કર્મચારીઓનાં સાર્વત્રિક ખાતા નંબર-UAN સક્રિય કરવા જણાવ્યું છે
4) દક્ષિણ પૂર્વ એશિયામાં કાર્યરત સાઇબર ગુનેગારો સાથે સંકળાયેલા 17 હજારથી વધુ વોટ્સએપ એકાઉન્ટ બ્લોક કરાયા.
5) ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની પ્રથમ ટેસ્ટનો પર્થમાં આરંભ – ભારતે ટોસ જીતી બેટિંગ પસંદ કરી.

## *PM-GUYANA PARLIAMENT*

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે લોકશાહી એ સર્વસમાવેશક સમાજ બનાવવાનું સૌથી મોટું માધ્યમ છે.**

**ગયાનાની સંસદની નેશનલ એસેમ્બલીના વિશેષ સત્રમાં બોલતા તેમણે કહ્યું કે વિશ્વ લોકશાહી પહેલા, માનવતા પહેલાના સિદ્ધાંતને અનુસરીને જ આગળ વધી શકે**

છે. તેમણે કહ્યું કે લોકશાહી આપણી અંદર છે, આપણા વલણમાં અને આપણા વર્તનમાં છે.

(બાઇટ – પીએમ, નરેન્દ્ર મોદી)

પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું કે કેવી રીતે વૈશ્વિક સંકટ સમયે ભારતે મદદનો હાથ લંબાવ્યો હતો. તેમણે કહ્યું કે ભારતનો મિજાજ ક્યારેય વિસ્તારવાદી રહ્યો નથી અને ભારત વૈશ્વિક વિકાસ અને શાંતિના પક્ષમાં છે. આ જ કારણસર ભારત આજે ગ્લોબલ સાઉથના દેશોનો અવાજ બની ગયો છે. તેમણે કહ્યું કે આ સમય સંઘર્ષનો નથી, પરંતુ સંઘર્ષ તરફ દોરી જતી પરિસ્થિતિઓને ઓળખીને સમાપ્ત કરવાનો છે.

શ્રી મોદીએ આતંકવાદ, માદક દ્રવ્યોની હેરાફેરી અને સાયબર ક્રાઈમ સહિત અનેક વૈશ્વિક પડકારોની ચર્ચા કરી હતી. તેમણે કહ્યું કે ભાવિ પેઢીઓ માટે વધુ સારું ભવિષ્ય બનાવવા માટે આ પડકારોનો સામનો કરવો પડશે. શ્રી મોદીએ ગયાનાનું સર્વોચ્ચ સન્માન આપવા બદલ તેમનો આભાર પણ વ્યક્ત કર્યો હતો.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વ્યાપક વૈશ્વિક પ્રગતિ અને સમૃદ્ધિ માટે મહિલા-કેન્દ્રિત વિકાસને પ્રાથમિકતા આપવાનું આહ્વાન કર્યું હતું. તેમણે કહ્યું કે 21મી સદીમાં વૈશ્વિક સમૃદ્ધિ સુનિશ્ચિત કરવામાં મહિલાઓ મહત્વની ભૂમિકા ભજવશે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે બંને દેશો વચ્ચે શિક્ષણ અને નવીનતાના ક્ષેત્રમાં વ્યાપક આદાનપ્રદાનની જરૂર છે જેથી યુવાનોની ક્ષમતાનો સંપૂર્ણ ઉપયોગ કરી શકાય. શ્રી મોદીએ ગયાની સાંસદોને ભારતની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું હતું. શ્રી મોદી ગયાના સંસદના વિશેષ સત્રને સંબોધન કરનાર પ્રથમ ભારતીય પ્રધાનમંત્રી છે.

બાદમાં શ્રી મોદીએ જ્યોર્જટાઉનમાં મહાત્મા ગાંધીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી અને ભારતીય આગમન સ્મારકની પણ મુલાકાત લીધી હતી.

.................

***REV. PREZ – HYDERABAD***

રાષ્ટ્રપતિ મુર્મુ આજે સવારે હૈદરાબાદમાં આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક ઉત્સવ લોક મંથનની ચોથી આવૃત્તિનું ઉદ્ઘાટન કરશે.

દરમ્યાન ગઇકાલે હૈદરાબાદમાં કોટી દીપોત્સવમમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દેશવાસીઓને ભારતને સતત વિકાસના માર્ગ પર આગળ લઈ જવાનો સંકલ્પ કરવા અનુરોધ કર્યો છે. તેમણે સત્ય અને ધર્મના માર્ગને અનુસરવા અને વંચિતોના કલ્યાણ માટે કામ કરવાનું આહ્વાન કર્યું.

રાષ્ટ્રપતિએ કહ્યું કે દીપ પ્રગટાવવું એ અંધકારમાંથી પ્રકાશ તરફ અને અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ જવાનું પ્રતીક છે. તેમણે કહ્યું કે દેશ સર્વગ્રાહી અને સર્વસમાવેશક વિકાસના ઉદ્દેશ્ય સાથે આગળ વધી રહ્યો છે. રાષ્ટ્રપતિએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ભારત તેની સમૃદ્ધ સંસ્કૃતિને જાળવી રાખશે અને તેના વિકાસ લક્ષ્યોને પણ પ્રાપ્ત કરશે.

રાષ્ટ્રપતિ મુર્મુ ગઇકાલે હૈદરાબાદ પહોંચ્યા હતા ત્યારે મુખ્યમંત્રી એ. રેવન્ત રેડ્ડી, કેન્દ્રીય કોલસા મંત્રી જી. કિશન રેડ્ડી સહિત અન્ય મહાનુભાવોએ સ્વાગત કર્યું હતું.

.................

## *EPFO UAN*

સરકારે કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન- EPFOને આધાર નંબર સાથે જોડાયેલા ઓટીપી દ્વારા કર્મચારીઓને સાર્વત્રિક ખાતા ક્રમાંક- UAN સક્રિય કરવા જણાવ્યું છે.

શ્રમ અને રોજગાર મંત્રાલયે સંગઠનને અભિયાન રીતમાં હાથ ધરવા નિર્દેશ આપ્યો છે, જેથી મોટી સંખ્યામાં નોકરીદાતાઓ અને કર્મચારીઓ આ વર્ષના બજેટમાં જાહેર કરાયેલા કાર્ય આધારિત પ્રોત્સાહન યોજનાનો લાભ મેળવી શકે.

મંત્રાલયે જણાવ્યું કે, પ્રથમ તબક્કામાં નોકરીદાતાઓએ પ્રવર્તમાન નાણાકીય વર્ષમાં નિમણૂક કરાયેલા તમામ કર્મચારીઓ માટે સાર્વત્રિક ખાતા ક્રમાંકને આ

મહિનાની 30મી તારીખ સુધીમાં સક્રિય કરવાની પ્રક્રિયા પૂર્ણ કરવી પડશે. બીજા તબક્કામાં ફેસ મેચિંગ ટેક્નૉલોજીદ્વારા બાયૉ-મેટ્રિક ચકાસણીને UANમાં સામેલ કરાશે.

.................

## *SHEKHAWAT YUVA PURASKAR*

સાંસ્કૃતિક અને પ્રવાસન મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત આજે નવી દિલ્હીમાં વર્ષ 2022 અને 2023 માટે ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાઁ યુવા પુરસ્કાર પ્રદાન કરશે.

આ પુરસ્કાર કુલ 82 યુવા  કલાકારોને આપવામાં આવનાર છે. સંગીત નાટક અકાદમીએ આ પુરસ્કાર વર્ષ 2006માં 40 વર્ષ સુધીના યુવા કલાકારો માટે શરૂ કર્યો હતો. આ પુરસ્કાર દર વર્ષે સંગીત, નૃત્ય, નાટક, લોક અને આદિવાસી કલા અને કઠપૂતળીના ક્ષેત્રમાં આપવામાં આવે છે. ઈનામ તરીકે 25 હજાર રૂપિયા રોકડ, સ્મૃતિ ચિહ્ન  અને અંગવસ્ત્ર આપવામાં આવે છે.

.................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

.................

## *WHATSAPP-BLOCK*

ઇન્ડિયન સાઇબરક્રાઇમ કો-ઓર્ડિનેન સેન્ટર- I4C એ સંદેશાવ્યવહાર વિભાગ સાથે મળીને દક્ષિણ પૂર્વ એશિયામાં કાર્યરત સાઇબર ગુનેગારો સાથે સંકળાયેલા 17 હજારથી વધુ વોટ્સએપ એકાઉન્ટ બ્લોક કર્યા છે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયના જણાવ્યા પ્રમાણે આ પગલાંનો હેતુ વિદેશી ગુનાઇત નેટવર્કને ખોરવી નાખવાનો અને ભારતની ડિજિટલ સલામતીને મજબૂત કરવાનો છે.

.................

## OTT PLATFORM WAVES

પ્રસાર ભારતીના અધ્યક્ષ નવનીત કુમાર સહગલે કહ્યું છે કે સ્વચ્છ કુટુંબ મનોરંજન સમાજના તમામ વર્ગો સુધી પહોંચે તે આપણી ફરજ છે.

રાષ્ટ્રીય પ્રસારણકર્તા પ્રસાર ભારતીના OTT પ્લેટફોર્મ 'વેવ્સ'ના રજૂ કર્યા બાદ મીડિયાને સંબોધતા શ્રી સેહગલે માહિતી આપી હતી કે આ પ્લેટફોર્મ દૂરદર્શનના કાર્યક્રમોની તમામ આર્કાઇવલ સામગ્રી દર્શાવશે જેને લોકો જોઈને મોટા થયા છે. તેમણે એમ પણ કહ્યું કે દેશના ઇતિહાસ અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા પર ધ્યાન કેન્દ્રિત કરતા પ્રાદેશિક સાંસ્કૃતિક કાર્યક્રમોને પણ પ્લેટફોર્મ પર લાવવામાં આવ્યા છે.

.................

## CRICKET - IND VS AUS

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચ આજથી પર્થમાં શરૂ થઈ છે. ભારતે ટોસ જીતીને બેટિંગ પસંદ કરી છે.

ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન ભારતીય ટીમ પાંચ ટેસ્ટ મેચ રમશે.

કેપ્ટન રોહિત શર્મા અંગત કારણોસર પ્રથમ ટેસ્ટમાં નહીં રમે. તેના સ્થાને જસપ્રીત  બુમરાહ કેપ્ટન રહેશે. શુભમન ગિલ પણ ઈજાના કારણે આ મેચમાં રમશે નહીં.

.................

## BADMINTON - CHINA MASTERS

ચાઇના માસ્ટર્સ બેડમિન્ટન ટૂર્નામેન્ટની પુરુષ સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં આજે લક્ષ્ય સેનનો સામનો ડેનમાર્કના એન્ડર્સ એન્ટોનસેન સામે થશે.

પુરુષ ડબલ્સમાં ભારતની ચિરાગ શેટ્ટી અને સાત્વિકસાઈરાજ રેન્કીરેડ્ડીની જોડી ક્વાર્ટર ફાઇનલમાં ડેનમાર્કની કિમ એસ્ટ્રુપ અને એન્ડર્સ સ્કાર્પ રાસમુસેન સામે ટકરાશે.

.................

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ...

- ઉદ્યોગપતિ ગૌતમ અદાણી વિરુધ્ધ અમેરિકામાં છેતરપિંડી અને લાંચ કેસના સમાચાર આજના તમામ અખબારોમાં હેડલાઇન્સમાં ચમકાવવામાં આવ્યા છે, ગુજરાત સમાચાર લખે છે- અદાણી ગ્રૂપની કંપનીઓનાં એમ-કેપમાં બે લાખ 20 હજાર કરોડનું ધોવાણ
- ઇન્ડિયન ઓફ પ્રેસ લખે છે અદાલત જૂથનાં શેરોમાં 23 ટકાનો ઘટાડો.
- રાજસ્થાન પત્રિકાના સમાચાર પ્રમાણે ઓસ્ટ્રેલિયામાં બાળકો ફેસબુક, ઇન્સ્ટાગ્રામ પર જોવા મળશે તો 278 કરોડનો દંડ થશે.
- ગુજરાત સમાચારના સ્થાનિક પાનાની હેડલાઇન પ્રમાણે - રાજ્યમાં પ્રસ્તાવિત જંત્રીથી મિલકત અને FSI ખરીદીનાં ભાવ બમણા થશે, મકાનો મોંઘા થશે-
- 20 કરોડ રૂપિયાનાં ખર્ચે દેશનું સૌ પ્રથમ કમલ ગાર્ડન અમદાવાદના ગોતામાં બનશે- આ સમાચાર મોટાં ભાગનાં અખબારોમાં જોવા મળે છે.
- ગુજરાત સમાચારનાં અહેવાલ પ્રમાણે- ગુજરાત નજીકનાં હિલ સ્ટેશન માઉન્ટ આબુ પર કુદરતી સૌંદર્ય ખીલ્યું- માઇનસ એક ડિગ્રી તાપમાન
- આ ઉપરાંત પાકિસ્તાનમાં આતંકી હૂમલામાં 50નાં મોત, રશિયાએ પ્રથમ વાર યુક્રેન પર અમેરિકાની ICBM મિસાઇલથી હૂમલો કર્યો, પ્રધાનમંત્રી મોદીનું ગયાના સંસદને સંબોધન, દિલ્હીમાં હવા પ્રદૂષણમાં વધારો જેવા સમાચાર વિવિધ અખબારોમાં જોવા મળે છે.

-------------